# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-09-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મંગળવારે પૂરની સ્થિતિનો તાગ મેળવવા માટે પંજાબની મુલાકાત લેશે.

2) પંજાબ, જમ્મુ કાશ્મીર અને હિમાચલ પ્રદેશની પૂરની સ્થિતિમાં સુધારા વચ્ચે બચાવ અને રાહત કામગીરી ચાલુ.

3) ભારતે પુનરોચ્ચાર કર્યો કે તે વિશ્વ વેપાર સંગઠનને મુખ્ય કેન્દ્ર બનાવતી મુક્ત, ન્યાયી અને બહુપક્ષીય વેપાર વ્યવસ્થાના પક્ષમાં છે.

4) હવામાન વિભાગે આવતીકાલ સુધી ગુજરાત અને પશ્ચિમ રાજસ્થાનમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી.

5) ભારતીય ત્રિપુટીએ વિશ્વ તીરંદાજી ચેમ્પિયનશિપમાં કમ્પાઉન્ડ પુરુષ ટીમ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PUNJAB-PM MEETING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 9મી સપ્ટેમ્બરે પૂરની સ્થિતિનો તાગ મેળવવા માટે પંજાબની મુલાકાત લેશે. તેઓ સ્થાનિક પરિસ્થિતિનું વ્યક્તિગત રીતે મૂલ્યાંકન કરશે અને અસરગ્રસ્ત લોકોને મહત્તમ મદદ પૂરી પાડશે.

પંજાબ ભાજપ પ્રમુખ સુનીલ જાખડે સોશિયલ મીડિયા પર એક સંદેશમાં આ મુલાકાતની પુષ્ટિ કરી. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી આ સ્થિતી અંગે ખૂબ જ ચિંતિત છે અને નજીકથી નજર રાખી રહ્યા છે. શ્રી જાખરે પુનરોચ્ચાર કર્યો કે ભારત સરકાર પંજાબના લોકોની સાથે મજબૂત રીતે ઉભી છે.

અમારા જલંધર સંવાદદાતા અહેવાલ આપે છે કે અગાઉ, કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે રાજ્યની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત, પૂરને કારણે થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે બે કેન્દ્રીય આંતર-મંત્રી ટીમોની રચના કરવામાં આવી હતી.

# PUNJAB- FLOODS

પંજાબમાં પૂરની સ્થિતિમાં સુધારો થતાં, જનજીવન સામાન્ય થઈ રહ્યું છે. રાજ્ય સરકારે પૂરથી આશરે 13 હજાર કરોડ રૂપિયાનું નુકસાન થવાનો અંદાજ લગાવ્યો છે. રાજ્યમાં પૂરથી લગભગ બે હજાર ગામોના ત્રણ લાખ એંસી હજારથી વધુ લોકો પ્રભાવિત થયા છે.

હરિયાણામાં, માર્કંડા અને તાંગડી નદીઓના પાણીના સ્તરમાં વધારો થવાને કારણે, પટિયાલા અને આસપાસના વિસ્તારોમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. સ્થાનિક વહીવટીતંત્ર, સેના, NDRF અને BSFની ટીમો રાહત અને બચાવ કામગીરીમાં જોડાયેલી છે. બોર્ડર સિક્યુરિટી ફોર્સ- BSFના ઇન્સ્પેક્ટર જનરલ અતુલ ફુલજુલેએ પૂરગ્રસ્ત ગામોની મુલાકાત લીધી અને રાહત અને બચાવ કામગીરીની સમીક્ષા કરી. રાજ્ય સરકારે મંગળવારથી રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓ ફરીથી ખોલવા માટે સૂચનાઓ આપી છે.

# UTTARAKHAND RAIN

કેન્દ્ર સરકારની આંતર-મંત્રાલય સમિતિ આવતીકાલે ઉત્તરાખંડમાં પૂર અને ભૂસ્ખલનને કારણે ઉભી થયેલી પરિસ્થિતિનો તાગ મેળવશે. સમિતિ વહીવટી અધિકારીઓને પણ મળશે.

આપત્તિ વ્યવસ્થાપન અને પુનર્વસન વિભાગના સચિવ વિનોદ કુમાર સુમને જણાવ્યું હતું કે આ વર્ષે રાજ્યમાં ગયા વર્ષ કરતાં વધુ વરસાદ પડ્યો છે.

(BYTE : VINOD KUMAR SUMAN)

# DELHI-YAMUNA WATER LEVEL

આજે યમુના નદીના જળસ્તરમાં ઘટાડો થયો છે, જોકે તે હજુ પણ ખતરાના નિશાનથી ઉપર છે. નવીનતમ માહિતી અનુસાર, આજે સાંજે ૫ વાગ્યા સુધી જૂના રેલ્વે પુલ પર પાણીનું સ્તર ૨૦૫.૪૨ મીટર નોંધાયું હતું. રાજધાનીના કેટલાક વિસ્તારોમાં હજુ પણ પૂર જેવી પરિસ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે, તેથી સાવચેતી રૂપે, નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સલામત સ્થળોએ અને રાહત શિબિરોમાં આશ્રય આપવામાં આવ્યો છે.

# HIMACHAL PRADESH- RAIN

છેલ્લા 24 કલાકમાં હિમાચલ પ્રદેશમાં વરસાદમાં ઘટાડો થયો છે, જોકે રાજ્યમાં હજુ પણ સમયાંતરે વરસાદ પડી રહ્યો છે. છેલ્લા 24 કલાકમાં કુલ્લુ જિલ્લાના મનાલીમાં 24 મીલીમીટર વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગે આજે અને કાલે રાજ્યના કેટલાક ભાગોમાં ગાજવીજ સાથે હળવો વરસાદ પડવાની આગાહી કરી છે.

# GUJARAT RESCUE

ગુજરાત રાજ્યમાં ભારે વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં એક હજાર 54 લોકોને બચાવી લેવાયા છે જ્યારે 7 હજાર 177 લોકોને સાવચેતીના ભાગરૂપે સુરક્ષિત સ્થળે ખસેડાયા છે. તેમાં સાબરકાંઠાના ખેડબ્રહ્મા નજીક સાબરમતી નદીમાં ફસાયેલા નવ લોકોને આજે વહેલી સવારે બચાવી લેવાયા. આ તરફ ગાંધીનગર નજીક સાબરમતી નદીમાં જળસ્તર વધતા જુના કોબા વિસ્તારમાંથી 69 લોકોને જ્યારે મેશ્વો નદીનું જળસ્તર વધતાં દહેગામના 23 લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા છે.

દ્વારકામાં ભારતીય તટરક્ષકે માછીમારોને નજીકના બંદર પર પોતાની બોટ લાંગરી લેવા સૂચના આપી છે. વરસાદ અને પૂરની સ્થિતિને પહોંચી વળવા રાજ્યના વિવિધ જિલ્લાઓમાં NDRFની 12 અને SDRFની 22 ટીમો તૈનાત રાખવામાં આવી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# WEATHER

હવામાન વિભાગે આજે, ગુજરાત અને પશ્ચિમ રાજસ્થાનમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. આગામી બે થી ત્રણ દિવસમાં હરિયાણા, ચંદીગઢ, દિલ્હી અને ઉત્તરાખંડમાં ભારે વરસાદની સંભાવના છે. તમિલનાડુ, કેરળ, માહે, લક્ષદ્વીપ, યાનમ અને આંધ્રપ્રદેશના દરિયાકાંઠાના વિસ્તારોમાં પણ આવી જ સ્થિતિ રહેવાની સંભાવના છે. આવતીકાલ સુધી આસામ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં પણ છૂટાછવાયા સ્થળોએ વરસાદની સંભાવના છે.

# INDIA-SCO TRADE MEETING

ભારતે પુનરોચ્ચાર કર્યો છે કે તે વિશ્વ વેપાર સંગઠનને મુખ્ય કેન્દ્ર બનાવતી મુક્ત, ન્યાયી અને સમાવિષ્ટ બહુપક્ષીય વેપાર વ્યવસ્થાના પક્ષમાં છે. ગઈકાલે રશિયાના વ્લાદિવોસ્તોકમાં શાંઘાઈ સહકાર સંગઠન- SCO ના વેપાર મંત્રીઓની બેઠકમાં, ભારતે કહ્યું કે SCO ની સામૂહિક શક્તિનો ઉપયોગ સહિયારી સમૃદ્ધિ માટે થવો જોઈએ.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું હતું કે બેઠકમાં, ભારતે નિકાસમાં વૈવિધ્યીકરણ, આયાત પર નિર્ભરતા ઘટાડવા અને સ્થિતિસ્થાપક પુરવઠા શૃંખલા બનાવવા પર ભાર મૂક્યો હતો. ભારતે વેપાર પ્રવાહ વધારવા, અંતરને દૂર કરવા અને પ્રદેશમાં સમાવિષ્ટ વિકાસ માટે સાથે મળીને કામ કરવા પર પણ ભાર મૂક્યો હતો.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી વતી, અધિક સચિવ અમિતાભ કુમારે ખાદ્ય સુરક્ષા માટે જાહેર સંગ્રહનો કાયમી ઉકેલ સમાવિષ્ટ વિકાસ પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે વિકાસશીલ દેશો માટે અનુકૂળ વ્યવહાર અને વિશ્વ વેપાર સંગઠન-WTO ની દ્વિ-સ્તરીય વિવાદ સમાધાન પ્રણાલીની પુનઃસ્થાપના જરૂરી છે.

ડિજિટલ અર્થતંત્ર પર, ભારતે વાજબી, પારદર્શક અને અનુમાનિત નિયમનકારી માળખા, શ્રેષ્ઠ પ્રથાઓ પર સ્વૈચ્છિક સહયોગ અને સુરક્ષિત, નવીનતા-આગેવાની હેઠળના ડિજિટાઇઝેશન માટે ક્ષમતા નિર્માણનો પ્રસ્તાવ મૂક્યો.

# GST- MEDICAL

ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) ના દરોમાં તાજેતરના સુધારા આ મહિનાની 22 તારીખથી અમલમાં આવશે. અમારા સંવાદદાતાએ અહેવાલ આપ્યો છે કે નવા GST દરોની તબીબી ક્ષેત્ર પર પણ અનુકૂળ અસર થવાની સંભાવના છે. આ અંગે સાંભળીએ એક અહેવાલ....

( VOICE CAST : AMAN-GST-REFORM )

# ANUPARNA ROY - BEST DIRECTOR - VENICE FILM FESTIVAL

નવોદિત ફિલ્મ નિર્માતા અનુપર્ણા રોયે ૮૨મા વેનિસ ફિલ્મ ફેસ્ટિવલમાં તેમની ફીચર ફિલ્મ 'સોંગ્સ ઓફ ફોરગોટન ટ્રીઝ' માટે શ્રેષ્ઠ દિગ્દર્શકનો ઓરિઝોન્ટી એવોર્ડ જીતીને ઇતિહાસ રચ્યો છે. આ ફિલ્મ અનુરાગ કશ્યપે ફેસ્ટિવલમાં રજૂ કરી હતી.

એવોર્ડ સ્વીકારતા, અનુપર્ણા રોયે આ સન્માન એવી મહિલાઓને સમર્પિત કર્યું જેમને "ઓછું આંકવામાં આવ્યું છે", "અવગણવામાં આવ્યું છે" અથવા "ચૂપ" કરવામાં આવ્યું છે.

# ARCHERY WORLD CHAMPIONSHIP

અમન સૈની, ઋષભ યાદવ અને પ્રથમેશ ભાલચંદ્ર ફુગેની ત્રિપુટીએ વિશ્વ તીરંદાજી ચેમ્પિયનશિપમાં કમ્પાઉન્ડ પુરુષ ટીમ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો.

જ્યોતિ સુરેખા વેન્નમ અને ઋષભ યાદવે કમ્પાઉન્ડ મિક્સ્ડ ટીમ સ્પર્ધામાં રજત ચંદ્રક જીત્યો.

# JAPAN PRIME MINISTER RESIGNS

જાપાનના પ્રધાનમંત્રી શિગેરુ ઇશિબાએ આજે ચૂંટણીમાં હાર બાદ એક વર્ષ કરતા પણ ઓછા સમય પછી પદ પરથી રાજીનામું આપ્યું, જેમાં તેમની શાસક લિબરલ ડેમોક્રેટિક પાર્ટી-એલડીપીએ સંસદમાં બહુમતી ગુમાવી દીધી હતી.

ટેલિવિઝનમાં પત્રકાર પરિષદ દરમિયાન, ઇશિબાએ કહ્યું કે તેમણે લિબરલ ડેમોક્રેટિક પાર્ટીના પ્રમુખ તરીકે પણ રાજીનામું આપવાનો નિર્ણય લીધો છે.

તેઓ આગામી પ્રધાનમંત્રી ચૂંટાય ત્યાં સુધી પ્રધાનમંત્રી રહેશે.

# NARAYAN- PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે શ્રી નારાયણ ગુરુની જન્મજયંતિ નિમિત્તે, સમાજ પર તેમના પ્રભાવ અને દ્રષ્ટિકોણને યાદ કર્યો. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું કે સમાનતા, સહાનુભૂતિ અને સાર્વત્રિક ભાઈચારાના તેમના ઉપદેશો વ્યાપકપણે ગુંજતા રહેશે. નારાયણ ગુરુએ પેઢીઓને પ્રેરણા આપવા માટે સામાજિક સુધારણા અને સતત શિક્ષણ માટે હાકલ કરી હતી.

# BIHAR WOMEN'S SCHEME

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે આજે નવી મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજના શરૂ કરી. આ યોજનાનો હેતુ મહિલાઓને રોજગારની તકો પૂરી પાડવાનો છે.

આ યોજના હેઠળ, રાજ્યના દરેક પરિવારમાંથી એક મહિલાને તેની પસંદગીનો વ્યવસાય શરૂ કરવા માટે નાણાકીય સહાય પૂરી પાડવામાં આવશે. પસંદ કરેલી દરેક મહિલાને રોજગાર શરૂ કરવા માટે 10 હજાર રૂપિયાની સહાયનો પ્રથમ હપ્તો સીધા તેમના બેંક ખાતામાં જમા થશે.

રોજગાર શરૂ કર્યાના છ મહિના પછી મૂલ્યાંકન બાદ જો જરૂર પડે તો, પાત્ર મહિલા લાભાર્થીને વધારાના બે લાખ રૂપિયા આપવામાં આવશે.

# DRDO

રક્ષા સંશોધન અને વિકાસ સંગઠન-DRDO એ ગઈકાલે ઉત્તરપ્રદેશ સંરક્ષણ ઔદ્યોગિક કોરિડોરના વધુ વિકાસ માટે રાજધાની લખનૌના અમૌસી કેમ્પસમાં એક પરિષદનું આયોજન કર્યું હતું. તેનો ઉદ્દેશ્ય સંરક્ષણ સંશોધન અને વિકાસ માટે સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો- MSME અને સ્ટાર્ટ-અપ્સ સાથે ભાગીદારી કરવાનો હતો.

DRDO ના અધ્યક્ષે જણાવ્યું હતું કે DTTC ની વિભાવના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ દ્વારા વિકસાવવામાં આવી હતી, તેમણે એમ પણ કહ્યું હતું કે DRDO આત્મનિર્ભર અને વિકસિત ભારત બનાવવા માટે MSME ક્ષેત્રને શક્ય તમામ સહાય પૂરી પાડતું રહેશે.